Surat Municipal Corporation
e-Magazine
Issue 32
Dec.23, 2005

### સુરતના ઐતિહાસિક અને જોવાલાયક સ્થળો સુવિધાથી સજજ કરાશે

રાજય સરકારે આગામી ર૦૦૬ના કેલેન્ડર વર્ષને પ્રવાસ વર્ષ તરીકે ઉજવવાની કરેલી જાહેરાતને પગલે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા કલેકટરેટ ધ્વારા તૈયાર કરવામાં આવેલા એકશન પ્લાનની સમીક્ષા કરવામાં આવી હતી. સુરત શહેર અને જિલ્લાના તમામ ઐતિહાસિક તેમજ જોવાલાયક સ્થળોને માળખાકીય સુવિધાઓથી સજજ કરાશે તેમજ હોટલોમાં દર વીકએન્ડ આકર્ષક પેકેજ જાહેર કરીને પ્રવાસીઓને આર્કષવામાં આવશે....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલનું ગૌરવ

તા. ૦૪–૧ર–ર૦૦પ થી તા. ૦૯–૧ર–ર૦૦પ દરમ્યાન કોરબા (છત્તીસગઢ) ખાતે રાષ્ટ્રીય કક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાયેલ. જેમાં સુમન હાઈસ્કુલ નં. ૩ (કતારગામ)ની ધોરણ–૮ની વિદ્યાર્થીની વર્ષાબેન જે. ચાંદેગરાએ કુલ–૪ લીગ મેચમાં ભાગ લીધેલ. જે પૈકી બે મેચમાં તેઓની ટીમ વિજેતા નીવડી હતી. આમ, ગુજરાત રાજયમાંથી સુરતની એકમાત્ર વિદ્યાર્થીનીએ પસંદગી પામી રાષ્ટ્રીય કક્ષાએ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈ સુરત મહાનગરપાલિકા તથા સુમન હાઈસ્કુલ નં. ૩ (કતારગામ)નું નામ રોશન કરી સુમન હાઈસ્કુલોની અનેકાનેક સિધ્ધિમાં યશકલગીનું વધુ એક સોનેરી પીચ્છ ઉમેરેલ છે......

વધુ માટે કલીક કરો >>>>>>

### સાક્ષરતા અભિયાન હેઠળ શહેરના નિરક્ષરોને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા અક્ષર જ્ઞાન આપશે

સાક્ષરતા અભિયાન હેઠળ સુરતમાં નોંધાયેલા ૧૬૦૦૦નિરક્ષરોને શિક્ષણ આપવાનું કામ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા હાથ ધરવામાં આવશે. નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો ઉપરાંત વહીવટી કર્મચારીઓ અને અધિકારીઓ જુદા જુદા વિભાગ હેઠળ નોંધાયેલા નિરક્ષરોને રાત્રીના સાતથી દસ દરમિયાન અક્ષરજ્ઞાન આપશે.....

વધુ માટે કલીક કરો >>>>>>

### ગુજરાત સરકાર ધ્વારા વર્ષ–ર૦૦૬ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. રપ મી ડિસેમ્બર થી અઠવા પાર્ટી પ્લોટ પર પોંક ફેસ્ટીવલનું આયોજન

સને–ર૦૦૬ના વર્ષને ગુજરાત સરકારે પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યું છે ત્યારે દરેક શહેર પોતાની અલગ ઓળખ ઉભી કરે અને આ ઓળખનો પ્રચાર–પ્રસાર કરીને વધુને વધુ લોકોને આકર્ષે એવો પ્રવાસન વર્ષનો હેતુ છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના સહયોગથી તા. રપમી ડિસેમ્બરથી ૧લી જાન્યુઆરી–ર૦૦૬ દરમિયાન અઠવા પાર્ટી પ્લોટ ખાતે 'પોંક ફેસ્ટીવલ'નું આયોજન કરવામાં આવ્યું છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતના  ઐતિહાસિક અને જોવાલાયક સ્થળો સુવિધાથી સજ્જ કરાશે

રાજ્ય સરકારે આગામી ૨૦૦૬ના કેલેન્ડર વર્ષને પ્રવાસ વર્ષ તરીકે ઉજવવાની કરેલી જાહેરાતને પગલે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા કલેકટરેટ ધ્વારા તૈયાર કરવામાં આવેલા એકશન પ્લાનની સમીક્ષા કરવામાં આવી હતી. સુરત શહેર અને જિલ્લાના તમામ ઐતિહાસિક તેમજ જોવાલાયક સ્થળોને માળખાકીય સુવિધાઓથી સજ્જ કરાશે તેમજ હોટલોમાં દર વીકએન્ડ આકર્ષક પેકેજ જાહેર કરીને પ્રવાસીઓને આર્કષવામાં આવશે.

પ્રવાસ વર્ષ માટે સુરત શહેર જિલ્લામાં આવેલા ઐતિહાસિક મૂલ્ય ધરાવતા સ્થળો, ખ્યાતનામ મંદિરો, અદ્યતન શૈક્ષણિક સંકુલોનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે જેમાં અક્ષર પુરુષોતમ મંદિર, કંતારેશ્વર મહાદેવ, અંબિકા નિકેતન, જિલ્લામાં ઓલપાડ ખાતે આવેલું અતિપૌરાણિક સિધ્ધનાથ મહાદેવ વગેરે જેવા અનેક મંદિરો તથા ધર્મસ્થાનોનો સમાવેશ કરાયો છે. બીજી તરફ, શહેરમાં અંગ્રેજ શાસન વખતના સ્મશાનગૃહ, ડચ સિમેટ્રી, ચોકબજારની એન્ડ્રુઝ લાઈબ્રેરી, કિલ્લો વગેરે મિલકતો, ડુમસ દરિયા કાંઠો, વિયર કોઝવેના ઉદ્યાન વગેરેને ટુરિસ્ટ પ્લેસ તરીકે વિકસિત કરવામાં  આવશે. બેઝિક એમિનિટીઝ જેવી કે રસ્તા, પાણી, ટોઈલેટ, સ્ટ્રીટલાઈટ, સાફસફાઈ, નિભાવ–જાળવણી, સેનિટેશન વગેરેની પૂરતી વ્યવસ્થા હાથ ધરવામાં આવશે જેથી સહેલાણીઓને કોઈ તકલીફ ન પડે.

બીજી તરફ, શહેરની હોટલોમાં વીકએન્ડ માટે બે દિવસ એક રાતનું આકર્ષક પેકેજ આપીને સહેલાણીઓને સુરત આવવાનું ઈજન પુરુ પાડવામાં આવશે. બ્રાન્ડ સુરતના પેકેજ અન્વયે સહેલાણીઓને સુરત જેના માટે વખણાય છે એ પોંક, ઉંધિયું, ખમણ–લોચો, ફરસાણ વગેરે વાનગીઓ પીરસવામાં આવશે એટલું જ નહીં પરંતુ, સુરતના જોવાલાયક સ્થળોની પણ મુલાકાત પેકેજમાં સામેલ કરાશે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલનું ગૌરવ

તા. ૦૪–૧૨–૨૦૦૫ થી તા. ૦૯–૧૨–૨૦૦૫ દરમ્યાન કોરબા (છત્તીસગઢ) ખાતે રાષ્ટ્રીય કક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાયેલ. જેમાં સુમન હાઈસ્કુલ નં. ૩ (કતારગામ)ની ધોરણ–૮ની વિદ્યાર્થીની વર્ષાબેન જે. ચાંદેગરાએ કુલ–૪ લીગ મેચમાં ભાગ લીધેલ. જે પૈકી બે મેચમાં તેઓની ટીમ વિજેતા નીવડી હતી. આમ, ગુજરાત રાજયમાંથી સુરતની એકમાત્ર વિદ્યાર્થીનીએ પસંદગી પામી રાષ્ટ્રીય કક્ષાએ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈ સુરત મહાનગરપાલિકા તથા સુમન હાઈસ્કુલ નં. ૩ (કતારગામ)નું નામ રોશન કરી સુમન હાઈસ્કુલોની અનેકાનેક સિધ્ધિમાં યશકલગીનું વધુ એક સોનેરી પીચ્છ ઉમેરેલ છે.

રાષ્ટ્રીય કક્ષાએ કબડ્ડી સ્પર્ધામાં પસંદગી પામી આકર્ષક દેખાવ કરવા બદલ ઈન્ચાર્જ આચાર્ય અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

TOP

## સાક્ષરતા અભિયાન હેઠળ શહેરના નિરક્ષરોને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા અક્ષર જ્ઞાન આપશે

સાક્ષરતા અભિયાન હેઠળ સુરતમાં નોંધાયેલા ૧૬૦૦૦નિરક્ષરોને શિક્ષણ આપવાનું કામ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા હાથ ધરવામાં આવશે. નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો ઉપરાંત વહીવટી કર્મચારીઓ અને અધિકારીઓ જુદા જુદા વિભાગ હેઠળ નોંધાયેલા નિરક્ષરોને રાત્રીના સાતથી દસ દરમિયાન અક્ષરજ્ઞાન આપશે.

સુરત મહાનગરપાલિકા ૩૪ વોર્ડમાં થયેલ સર્વે અનુસાર ૧૬૦૦૦ જેટલા લોકો અક્ષરતા વિનાના જણાઈ આવ્યા હતા. જેમાં લિંબાયત ઝોનમાં નિરક્ષરોની સંખ્યા સૌથી વધારે નોંધાવા પામી છે. આ તમામ લોકોને રાજય સરકારના સાક્ષરતા અભિયાન અંતર્ગત શિક્ષણ આપવામાં આવશે.

નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા શહેરમાં નોંધાયેલા નિરક્ષરોની વય પ્રમાણે જુદા જુદા વિભાગ પાડવામાં આવ્યા છે. જેમાં ૭ થી ૧૪ વર્ષ, ૧૪ થી ૩૫ વર્ષ અને પાંત્રીસ વર્ષથી વધુના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિરક્ષરોમાંથી મોટાભાગના લોકો દિવસ દરમિયાન રોજગારી માટે જતાં હોય તેમને શિક્ષણ આપવા માટે જતાં હોય તેમને શિક્ષણ આપવા  માટે સાંજે સાતથી દસનો સમય નકકી કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના ૩૫૦૦ જેટલા શિક્ષકો, વહીવટી કર્મચારીઓ અને સમિતિના અધિકારીઓ પણ કામગીરી બજાવશે.

TOP

## ગુજરાત સરકાર ધ્વારા વર્ષ–૨૦૦૬ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૫ મી ડિસેમ્બર થી અઠવા પાર્ટી પ્લોટ પર પોંક ફેસ્ટીવલનું આયોજન

સને–૨૦૦૬ના વર્ષને ગુજરાત સરકારે પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યું છે ત્યારે દરેક શહેર પોતાની અલગ ઓળખ ઉભી કરે અને આ ઓળખનો પ્રચાર–પ્રસાર કરીને વધુને વધુ લોકોને આકર્ષે એવો પ્રવાસન વર્ષનો હેતુ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના સહયોગથી તા. ૨૫મી ડિસેમ્બરથી ૧લી જાન્યુઆરી–૨૦૦૬ દરમિયાન અઠવા પાર્ટી પ્લોટ ખાતે 'પોંક ફેસ્ટીવલ'નું આયોજન કરવામાં આવ્યું છે.

અઠવા પાર્ટી પ્લોટ ખાતે યોજાઈ રહેલા આ પોંક મહોત્સવમાં લીલા પોંક સહિત પોંકની તમામ પ્રકારની વાનગીઓ તદ્‌ઉપરાંત સામાન્યપણે હોટલોમાં ન જોવા મળતી ઘરેલું વાનગીઓ આ પોંક મહોત્સવનું ખાસ આર્કષણ રહેશે. ખીચુ, ઉંધીયું, ઘારી, ફરસાણ, ખમણ જેવી સુરતની વિશેષતા ગણાતી તમામ ખાદ્ય સામગ્રીઓના સ્ટોલ અહીં ઉપલબ્ધ કરાવવામાં આવશે. શહેરીજનોમાંથી કોઈપણ રહીશ પોતાની વાનગીઓ બનાવીને વેચવા માંગતા હશે તેમને રાહત દરે સ્ટોલ ફાળવવાનું આયોજન છે.

અંદાજિત ૫૦ થી ૬૦ જેટલા સ્ટોલ સાથે મનપા તંત્ર ધ્વારા પોંક ફેસ્ટીવલનું આ પ્રથમ પ્રયત્ન છે. ડિસેમ્બર માસમાં એન.આર.આઈ. (વિદેશમાં રહેતા ભારતીયો) ના ધાડા વતનમાં ઉતરી પડે છે તેને ધ્યાને લઈને આ આયોજન કરવામાં આવ્યું છે. તેથી આગામી સપ્તાહમાં શહેરીજનોને વધુ એક ફુડ ફેસ્ટીવલનો આ સ્વાદ માણવા મળશે.

TOP